# અરવલ્લીની ગીરીમાળાઓના જંગલોમાં આગ

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જીલ્લામાં વનવિભાગ તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓની ઘોર બેદરકારીના પગલે અરવલ્લીની ગીરીમાળાઓમાં અને જંગલમાં આગ લાગવાની ઘટનાઓ સામાન્ય બની રહી છે. સરકાર પર્યાવરણ બચાવવા અને જંગલોની વનરાજીની જાળવણી માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવી રહી છે તેમ છતાં સતત આગ લાગવાના બનાવોમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. મોડાસાના માથાસુલીયા ગામ નજીક જંગલમાં આગ લાગતાં ૫ કલાકથી વધુના સમયથી આગ કાબુમાં ન આવતા વનરાજી બળીને ખાખ થઈ હતી. ભિલોડા તાલુકાના ઉબસલ, ચુનાખાણ, બોલુન્દ્રા, વાઘેશ્વરી, પાદરા, ગાંભોઈ નજીક હથરોલ સહીત ગામ નજીક આવેલા ડુંગરો અને જંગલમાં આગ લાગતાં વનતંત્ર વિભાગ હાંફી ગયું હતું.




અરવલ્લીની ગીરીમાળાઓમાં સતત આગની ઘટનાઓ બનતા ડુંગર અને જંગલમાં આગ કોઈ અસામાજિક તત્વો દ્વારા લગાડી તેમના દ્વારા કિંમતી લાકડાની ચોરી છુપાવવા આગ લાગવડવામાં આવતી હોવાનું અને તેમાં વનવિભાગતંત્રના અધિકારીઓ અને કર્મચારીઓની મીલીભગત હોવાનું પર્યાવરણ પ્રેમીઓના મુખે ચર્ચાઈ રહ્યું છે.

## ૧૦થી વધુ સ્થળોએ આગ લાગતા વનતંત્ર ઉંધા માથે

શુક્રવારે ભિલોડા પંથકના ઉબસલ, ચુનાખાણ, બોલુન્દ્રા, વાઘેશ્વરી, પાદરા, નજીક આવેલા ડુંગરોમાં અગમ્ય કારણોસર આગ લાગતાં અને આગના લપકારા સાથે ધુમાડાના ગોટેગોટા નીકળતા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના પ્રજાજનોમાં ભય ફેલાયો હતો. સ્થાનિકોએ આગ હોલવવા પ્રયત્નો કરી ભિલોડા વનવિભાગ અને પોલીસતંત્ર આગના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવવા ફાયર ફાયટરની ટીમ પણ પહોંચી હતી. ગાંભોઈ નજીક હાથરોલ નજીકના જંગલમાં આગ લાગતાં અને મોડાસાના દધાલીયા નજીક ડુંગર પર આગ લાગતાં મોડાસા ફાયર ફાયટરની ટીમ અને વનવિભાગ ટીમે આગ પર કાબુ મેળવવા કામગીરી હાથ ધરી હતી.



અરવલ્લી જીલ્લાની ગીરીમાળાઓમાં અને જંગલમાં લગતી સતત રહસ્યમય આગ પાછળ કોઈ ચોક્કસ કારણભૂત જવાબદાર હોવાની સાથે જગલમાંથી કિંમતી લાકડાની ચોરી કર્યા પછી ચોરી છુપાવવા પણ આગ લગાડવામાં આવી હોવાની અનેક ઘટનાઓ અગાઉ બની ચુકી છે. વનવિભાગ તંત્ર ગાઢનિંદ્રામાંથી જાગી બહાર આવી આગમાં સ્વાહા થતી વનરાજી બચાવવા નક્કર કામગીરી કરે તે ખુબ જરૂરી છે.

# કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરીમાં સબ માર્કેટ યાર્ડનો પ્રારંભ

કાંકરેજ, તા. ૨૨

બનાસકાંઠા જિલ્લામાં આવેલા કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરીમાં વર્ષોથી માર્કેટ યાર્ડ બન્ધ હાલતમાં પડ્યું હતું, ત્યારે શિહોરીના વેપારીઓ અને




આજુબાજુના વિસ્તારમાં ખેડૂતો એપી.એમ.સી. થરા ચેરમેન અણદાભાઈ પટેલનો સંપર્ક કર્યો હતો. ત્યારે શિહોરી વેપારીઓ પિયુષ ઠક્કર, અરવિંદ ગોહિલ, સુરેશ જોષી, જયેશ ગૌસ્વામીએ એક ઝુંબેશ ઉઠાવી હતી અને પછી પરિણામે અનેક મીટીંગો કરી શિહોરી સબ માર્કેટ યાર્ડનું સાફ સફાઈ કરી રંગરોગાન કરી તારીખ ૨૨/૩/૨૦૧૯ના રોજ શુભ ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું. પંડિતો દ્વારા વિધિવિધાન મુજબ ઘડો મૂકી પેઢીઓનું શુભ મુહૂર્ત કરવામાં આવ્યું હતું અને પછી પાંચ નવીન દુકાન માટે થરા માર્કેટયાર્ડના સેક્રેટરી હસમુખભાઈ ચૌધરીએ કર્યું હતું. ત્યારે સમય મુજબ માલની હરાજી બોલી હતી. આ પ્રસંગે કાંકરેજ ધારાસભ્ય કીર્તિસિંહ વાઘેલા, ભારતસિંહ ભાટેસરિયા, ડાહ્યાભાઈ પીલિયાતર, હરગોવનભાઈ, મફજી સોલંકી, હેમાભાઈ વાઘેલા, શાંતુભા ડાભી, સમુજી ડાભી, અશ્વિનભાઈ શાહ(વકિલ), જીભાભાઈ દેસાઈ, ભરતસિંહ વાઘેલા, કપુરસિંહ પરમાર, લેબુજી ઠાકોર, ભરતભાઈ રાવલ સહીત પૂર્વ ભાજપના પ્રમુખ ઈશ્વરભાઈ પટેલે સ્ટેજ પર સંચાલન કર્યું હતું અને શિહોરી સબ માર્કેટયાર્ડનું ખૂબ ઉમળકાભેર ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું અને જયરામભાઈ જોષી એ ચેરમેનને ચાંદીની મૂર્તિ ભેટ આપી હતી.

શિહોરી સબ માર્કેટયાર્ડમાં બે વર્ષ સુધી શેષ નહિ લેવામાં આવે ત્યારે હવે ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળશે અને નાણાં પણ રોકડા મળશે જેથી વેપારીઓ અને ખેડૂતો માટે ખૂબ ફાયદો થશે તેને કારણે હવે શિહોરી માર્કેટ ફરી ધમધમાટ શરૂ થઈ ગયું છે. ત્યારે હવે કહેવાય છે કે ખેડૂતો માટે આ એક નવો માલિક નવો અવસર મળ્યો છે. ત્યારે અત્યારે ૧૬ જેટલી પેઢીઓ કાર્યરત છે અને એરંડા, રાયડો, વરિયાળી, જીરું, રાજગરો જેવા પાકોની આવકો શરૂ થઈ ગઈ હતી અને ખેડૂતો માટે જબરદસ્ત ભાવ મળશે તેવી આશા વ્યક્ત કરી હતી. જોકે રણાવાડાની શ્રીજી ટ્રેડિંગમાં ૪૨ બોરી રાયડો, ૨૦ બોરી એરંડા, ૫૦ બોરી જીરું અને ૩ બોરી રાજગરોની આવક મુહૂર્તમાં થઈ ગઈ હતી અને ખેડૂતો માલ લઈ માર્કેટમાં આવવાનું શરૂ થઈ ગઈ હતી.

ખીમણા જિલ્લા પંચાયતના ઈશ્વરભાઈ ખટાણા અને કાંકરેજ ખરીદ વેચાણ સંઘના ચેરમેન અમરતભાઈ દેસાઈ, બચુજી મકવાણા ખાસ કરીને ઉપસ્થિત રહ્યા હતા અને મોટી સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યા હતા. ભારતીય જનતા પાર્ટીના એક કાર્યક્રમમાં ભાગ લેવા માટે ખેડૂતોને અનુરોધ કર્યો હતો.



## ડીસામાં દીકરી જન્મનાં વધામણાં

પુત્ર અને પુત્રી એક સમાન. દીકરીના જન્મને વધાવવાનો અનેરો ઉત્સવ ઢુંઢની ઉજવણી કરીને ધામધૂમથી મનાવ્યો. નિકીતાબેન અને નિરજકુમાર ભવાની શંકર ત્રિવેદીની દીકરી વીરાના જન્મ પ્રસંગે વધામણા કરીને દીકરાની જેમજ હોળીના પવિત્ર પર્વ પ્રસંગે ઢુંઢનું આયોજન કરીને દીકરા દીકરી એક સમાન સ્લોગનને રાધે બંગ્લોઝ, ડીસાના પ્રમુખ ભવાનીશંકર ત્રિવેદીના પરિવારે સિદ્ધ કરી બતાવ્યું. આ શુભ પ્રસંગે સોસાયટીના તમામ સભ્યો તથા તેમના સમાજના સગાં-વ્હાલાં, મિત્ર-સ્વજનોએ ઉપસ્થિત રહીને હોલીકા દહન, પૂજન તથા તથા પ્રસાદ ગ્રહણ કરીને દીકરી વીરાને આશીર્વાદ આપીને ધન્યતા અનુભવી હતી. રાત્રે ડી.જે.ના તાલે માતાજીના ગરબા રમીને વાતાવરણને ધર્મમય બનાવ્યુ હતુ.



## ૧૦૮ વનસ્પતિઓનો ઉપયોગ કરી પ્રથમવાર વૈદિક હોળીની ઉજવણી કરાઈ

અરવલ્લી જિલ્લા સામાજિક સમરસતા સમિતિ અને તિરુપતિ ગોકુલધામ સોસાયટીના સયુંકત ઉપક્રમે અરવલ્લી જિલ્લામાં પહેલીવાર વૈદિક હોળીનું આયોજન કરવામાં આવ્યું હતુ, જેમાં શાસ્ત્રી સચિનભાઈ રણાસણવાળાએ વૈદિક મંત્રોચ્ચાર સાથે આજે એકસો આઠ જાતની વિવિધ વનસ્પતિઓ અને માત્ર ગાયના છાણમાંથી બનાવેલા છાણાંથી હોળી પ્રગટાવી હતી. જેમાં કેસૂડોના ફૂલ ઈલાયચી અને કુદરતી વનસ્પતિઓ ૧૦૮નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સૌ પ્રથમ નાની બાળકીઓ દ્વારા હોળી પ્રગટાવવામાં આવી હતી. મુખ્યત્વે આજે સમાજમાં ચાલતા જ્ઞાતિ-જાતિના ભેદભાવો દુર કરી એક સમરસતા થાય તેનો સંકલ્પ કર્યો હતો. સામાજિક સમરસતા સમિતિના ચંદ્રકાન્ત પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

**આજે ગણપત યુનિવર્સિટીના આંગણે વિશ્વખ્યાત ટેક્ષ કન્સલ્ટંટ**

# મુકેશ પટેલનું 'પ્રેક્ટિકલ ટેક્ષ પ્લાનિંગ' પર વ્યાખ્યાન યોજાશે

ગણપત યુનિવર્સિટી, તા. ૨૨

યુનિવર્સિટીના શતાબ્દિ-વર્ષની ઉજવણીના ભાગરૂપે ૨૦૧૫થી શરૂ થયેલી 'વિશેષ વ્યાખ્યાન માળા'ના ભાગરૂપે ગણપત યુનિવર્સિટીના આંગણે આવતીકાલે સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦ દરમિયાન ગુજરાતના સુપ્રતિષ્ઠિત એડવોકેટ અને આંતરરાષ્ટ્રીય કક્ષાના ટેક્ષ-નિષ્ણાત મુકેશ પટેલનું 'વિશેષ વ્યાખ્યાન' યોજાયું છે. વિશેષ વ્યાખ્યાન શ્રેણીમાં આજ સુધીમાં યોજાઈ ગયેલા અનેકાનેક વ્યાખ્યાનોનું વિષય-વૈવિધ્ય ખૂબ સમૃદ્ધ રહ્યુંછે અને એજ પરંપરામાં આવતીકાલના વ્યાખ્યાનનો વિષય પણ થોડો નવતર છે - 'પ્રેક્ટિકલ ટેક્ષ અને ઈન્વેસ્ટમેન્ટ પ્લાનિંગ.'

ગણપત યુનિવર્સિટીના પેટ્રન-ઈન-ચિફ અને પ્રેસિડેન્ટ ગણપતભાઈ પટેલ, ડાયરેક્ટર જનરલ પ્રો. ડૉ. મહેન્દ્ર શર્મા સહિત વિવિધ વિદ્યાશાખાના ડીન, પ્રિન્સિપાલ, વડાઓ, પ્રાધ્યાપકો અને અભ્યાસ, સંશોધકોની સેંકડોની ઉપસ્થિતિમાં પોતાનું મનનીય અને વિદ્વતાપૂર્ણ વ્યાખ્યાન રજુ કરનાર મુકેશ પટેલ એમના ક્ષેત્રમાં ભારે સન્માનજનક અને લોકપ્રિય નામ છે.

## ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં મુદ્દામાલમા ચોરી

ખેડબ્રહ્મા, તા. ૨૨

ખેડબ્રહ્મા તાલુકાની સાબરમતી નદીના પટમા પાસ પરમીટ વગર રેતીની ચોરી કરતાં ૩ ટેક્ટ્રર થોડા સમય પહેલા ખાણ ખનીજ વિભાગે તા.૪ માર્ચના રોજ ઓવર લોડ ટ્રેક્ટર્સ પકડ્યા હતા અને મુદ્દામાલ ખેડબ્રહ્મા પોલીસને સોંપવામાં આવ્યા હતા. ત્યાર બાદ ટ્રેક્ટર દ્વારા ત્રણ ટ્રેક્ટરોના ૧૨૫૪૦૦નો દંડ ૧૪ માર્ચના રોજ ભરી દઈ ટ્રેક્ટર છોડવા પોલીસ સ્ટેશન પહોચ્યા હતા. પરંતુ ત્રણે ટેક્ટ્રની બેટરી ચોરાઈ ગઈ હતી.

# અરવલ્લી જિલ્લામાં હોળી ધુળેટીના પર્વની રંગારંગ ઉજવણી

**મોડાસાના સાકરીયા, માલપુરના અણીયોર, મેઘરજના બાંઠીવાડા ગામે લઠ્ઠમાર હોળી : જીલ્લામાં રંગોના પર્વમાં ભૂલકાઓ સહીત યૌવન હિલોળે ચઢ્યું : જીલ્લામાં ઠેર ઠેર હોલિકાદહન : પ્રજાજનોએ દર્શન કર્યા**

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જીલ્લામાં હોળી પર્વની ભારે ઉત્સાહપૂર્વક ઉજવણીમાં જીલ્લાના પ્રજાજનોએ બુધવારે વિવિધ વિસ્તારોમાં હોલિકાદહન મનાવી હતી. જીલ્લાના નવપરણિત યુગલ, હોળી પહેલા જન્મેલા બાળકો સહીત ભૂલકાઓ, વડીલોએ હોળીના ૫ ફેરા ફરી દર્શન કરી શ્રીફળ હોમી, ધાણી, ખજૂરનો પ્રસાદ આરોગી લુપ્ત ઉઠાવ્યો હતો. ગુરુવારે રંગોના પર્વ ધુળેટીની રંગારંગ ઉજવણીમાં અબાલ, વૃદ્ધ સહીત મહિલાઓએ ધુળેટીની ઉજવેણીનો અનેરો આનંદ લીધો હતો. જીલ્લાના અનેક વિસ્તારોમાં ધુળેટીના પર્વની નિમિત્તે ઘેરૈયાઓએ વાતાવરણ રંગીન બનાવી દીધું હતું.



ફાગણવદ એકમ હોળીના બીજા દિવસે ધુળેટી પર્વની સમગ્ર જીલ્લાના મંદિરો સહીત પ્રજાજનોએ ધુળેટીના પર્વની ધામધૂમકપૂર્વક ઉજવણી કરી હતી. સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી કાળીયા ઠાકોરના મંદિરમાં ઉત્સવની ઉજવણીમાં ભક્તોએ શામળાજીને મથુરા અને વૃંદાવન બનાવી દીધું હતું.

માલપુર તાલુકાના અણીયોર અને મોડાસા તાલુકાના સાકરીયા ગામે વર્ષોથી અને પેઢીઓથી પરંપરાગત રીતે ચાલી આવતી પ્રથા પ્રમાણે લઠ્ઠમાર હોળીની ઉજવણી કરવામાં આવી હતી. ધુળેટીના દિવસે અણીયોર અને સાકરીયા ગામે આજુબાજુના ગામોના લોકો બપોરે ગામોના લોકો બપોરે ગામના મેદાનમાં એકઠા થઈ રાસગરબાની રમઝટ જમાવી લાકડીઓ અને ખુલ્લી તલવારો, ધારિયા સાથે લઠ્ઠમાર હોળી રમી આનંદોત્સવ મનાવ્યો હતો. બંને ગામના લોકો અને યુવાનો ફરજીયાત વતને આવી પહોંચે છે ઉજવણી પૂર્ણ થતા છાસ અને ચણાનો પ્રસાદ આરોગી ઘરૈયાઓએ ઘર તરફ પ્રયાણ કર્યું હતું.

# અરવલ્લી જિલ્લા પોલીસ ભવન પરિસરમાં પ્રસાશન અને પ્રજાજનોએ હોળી-ધુળેટીની ઉજવણી કરી

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલ અને જીલ્લા પોલીસતંત્ર દ્વારા પોલીસ ભવનના પટાંગણમાં ધુળેટી પર્વની ઉજવણી કરવામાં આવી હતી જેમાં જીલ્લા કલેક્ટર એમ. નાગરાજન, જીલ્લા વિકાસ અધિકારી હસિત ગોસાવી, જીલ્લાના પત્રકારો અને મોડાસાના અગ્રણીઓ ઉપસ્થિત રહી હર્બલ કલરથી હોળી-ધુળેટીની રંગારંગ ઉજવણી કરી હતી. જીલ્લા કલેક્ટરે મતદાન જાગૃતિ પ્રતિજ્ઞા પત્ર વિસ્તરણ કરાયું હતું.



અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર દ્વારા હોલિકા દહનમાં લાકડાનો મોટા પ્રમાણમાં ઉપયોગ થતો હોવાથી પર્યાવરણમાં સંતુલન જળવાઈ રહે તેવા ઉમદા હેતુથી વૃક્ષારોપણ કરી હોળી-ધુળેટીની પર્વની ઉજવણીમાં જોતરાયા હતા. અબીલ-ગુલાલના હર્બલ કલર સાથે પાણીની છોળો વચ્ચે ડીજેના તાલે ઉજવણી કરી હતી.

જીલ્લા વહીવટીતંત્રમાં યુવા અધિકારીઓ અને જીલ્લા પોલીસવડા યુવા પ્રતિભા હોવાથી ઢુંઢર દુષ્કર્મ ઘટના સમયે પરપ્રાંતિયો પર સતત થઈ રહેલા હુમલામાં પરપ્રાંતિયોએ વતન તરફ પ્રયાણ કરતા પરપ્રાંતીયોમાં રહેલો ભય દૂર કરવા જીલ્લા કલેક્ટર, વિકાસ અધિકારી અને પોલીસવડાએ જાહેરસ્થળ પર પકોડી ખાવા પહોંચી ભય દૂર કર્યો હતો અને પરપ્રાંતીયોને હિમ્મત પુરી પાડી હતી. જીલ્લા વહીવટીતંત્ર અને પોલીસતંત્ર જીલ્લાના પ્રજાજનો સાથે સતત સીધા સંકલન રહેવા પ્રયત્નશીલ રહેતા અભિગમને લોકોએ આવકાર્યો હતો.

# લવારી પ્રાથમિક શાળામાં મેડીકલ સારવાર કેમ્પ યોજાયો

તલોદ, તા. ૨૨

તાલુકા હેલ્થ ઓફિસ, તલોદ દ્વારા માઈનીંગ અસરગ્રસ્ત વિસ્તારના લાભાર્થીઓ માટે લવારી પ્રાથમિક શાળામાં આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેનો ૪૭૨ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

તલોદ તાલુકામાં મુ. જિલ્લા આરોગ્ય અધિકારી, સાબરકાંઠાના માર્ગદર્શન હેઠળ, તાલુકા હેલ્થ ઓફિસર, તલોદ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સાબરકાંઠા, ડીસ્ટ્રીક્ટ મિનરલ ફાઈન્ડેશન આયોજીત અંતર્ગત માઈનીંગ અસરગ્રસ્ત વિસ્તારના લાભાર્થી માટે લવારી પ્રાથમિક શાળામાં મેડીકલ સારવાર કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં સ્ત્રી રોગ નિષ્ણાત, બાળરોગ નિષ્ણાત, કાર્ડીયોલોજીસ્ટ, ફીઝીશીયન, આંખના નિષ્ણાંત આંખ સર્જન અને તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. વિ.જે. મુંગડ અને પ્રા.આ. કે.ના મેડીકલ ઓફિસરો, આંત્રોલીનો તમામ પ્રા.આ. કે.નો સ્ટાફ તેમજ તાલુકા હેલ્થ ઓફિસનો સ્ટાફ તેમજ આર.બી.એસ.કે.નો સ્ટાફ પણ હાજર રહ્યો હતો અને મેડીકલ સારવાર નિદાન કેમ્પને સફળ બનાવ્યો હતો. લવારી પ્રાથમિક શાળાના સ્ટાફ મીત્રો અને પ્રિન્સિપાલે પણ સાથ સહકાર આપ્યો હતો. સદર કાર્યક્રમનું સંચાલન ટી.આઈ.સી.ઓ.એ કર્યુ હતુ.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧





## ધનસુરામાં ધુળેટીની ઉત્સાહભેર ઉજવણી

ધનસુરામાં ધુળેટીના તહેવારની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. અક્ષરધામ રેસિડેન્સીમાં ધુળેટીનુ સામુહિક આયોજન કરવામાં આવ્યું હતું. જેમા નેચરલ કલર (ગુલાલ)થી સૌએ ધુળેટીના તહેવારની ઉજવણી કરી હતી.

# ૨૫ માર્ચે સ્વાધ્યાય પરિવાર દ્વારા હિંમતનગરમાં વનવાસી સમૂર્તિ કાર્યક્રમ

સમગ્ર દેશમાં અનેક લોકો આજે વૈભવ અને જીવનના સુખોને બાજુ પર મુકી પ્રભુ ભક્તિમાં લીન થવા માટે તત્પર બન્યા છે. ત્યારે પૂજ્ય પાંડુરંગ આઠવલે પ્રેરીત સ્વાધ્યાય પરીવારની પ્રવૃત્તિની સુવાસ ગુજરાત સહિત દેશના ગામડાઓમાં પ્રસરી રહી છે ત્યારે તેમાં ત્રિકાળ સંધ્યાનું પઠન કરવાનું હોય છે ત્યારે આગામી તા. ૨૫ માર્ચના રોજ હિંમતનગર ખાતે સ્વાધ્યાય પરીવાર દ્વારા વનવાસી સમૂર્તિ કાર્યક્રમનું આયોજન કરાયુ છે જેમાં પૂજ્ય જયશ્રી દીદી ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં સાબરકાંઠા, અરવલ્લી અને બનાસકાંઠાના મળી અંદાજે બે લાખથી વધુ વનવાસી બંધુઓ હાજર રહી ત્રિકાળ સંધ્યા સહિતના અન્ય કાર્યક્રમો રજુ કરશે.

આ અંગેની વિગત એવી છે કે છેલ્લા ૮૦ વર્ષથી ગીતામાં કહેલા હૃદયસ્થ ભગવાનના વિચારને લઈને ગુજરાત સહિત દેશ વિદેશમાં સ્વાધ્યાયની પ્રવૃત્તિ ચાલી રહી છે. જેમાં માનવને માનવ સાથે અને માનવ સાથે પ્રભુને જોડવાનું કામ થઈ રહ્યું છે. આ પ્રવૃત્તિમાં પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીના પુત્રી દીદીજી (જયશ્રી દીદી)ના માર્ગદર્શન હેઠળ પ્રવૃત્તિ વટવૃક્ષ બનીને પ્રભુ ભક્તિની સુવાસ ફેલાવાઈ રહી છે. ત્યારે તેમાં ખાસ કરીને વનવાસી પરીવારો ખુબ જ મહત્વનું યોગદાન આપી રહ્યા છેર ૨૫ માર્ચના રોજ હિંમતનગરના મોદી ગ્રાઉન્ડ ખાતે સ્વાધ્યાય પરીવાર દ્વારા વનવાસી સમૂર્તિ કાર્યક્રમનું આયોજન કરાયુ છે જેમાં ત્રણ જિલ્લાના ૭૦૦ થી વધુ ગામોના વનવાસીઓ ભાઈઓ અને બહેનો હાજર રહી ત્રિકાળ સંધ્યાનું સમુહમાં પઠન કરશે.